રાજભવન, ગાંધીનગર.
તા. ૦૬/૦૧/૦૧૫

# ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ ટ્રાવેલીગ એકઝિબિશન–" રોરિક પેકટ, હિસ્ટરી એન્ડ મોડર્નિટી"નું ઉદ્દ્ઘાટન કરતા રાજયપાલશ્રી ઓ. પી. કોહલી

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ આજે ગાંધીનગર નજીક ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ખાતે "ઈતિહાસ અને આધુનિકતા–રોરિક સંધિ" ઉપર આયોજિત પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન કર્યુ હતું.

રાજયપાલશ્રીએ તેમના પ્રાસંગિક ઉદ્દ્બોધનમાં જણાવ્યું હતું કે રશિયન ચિત્રકાર અને તત્વચિંતકે માનવ સભ્યતાના જતન માટે સાંસ્કૃતિક ધરોહરો–સ્મારકોના સંરક્ષણ–જતન માટે સન્ ૧૮૯૯માં પહેલ કરી હતી. ગત વર્ષ વિશ્વભરમાં નિકોલસ રોરિકની ૧૪૦મી જન્મ–જયંતિ ઉજવવામાં આવી હતી. જયારે હેલેના રોરિકની ૧૩૫મી જન્મ જયંતિ અને સેવોતોસ્લો રોરિકની જન્મ–જયંતિ પણ ઉજવાઈ હતી. આ વર્ષે આપણે 'ધી રોરિક પેકટ' કે જેના પર ૧૯૩૫માં હસ્તાક્ષર કરાયા હતા, તેની ૮૦મી વર્ષગાંઠ આપણે મનાવી રહયા છીએ. તેમણે નિકોલસ રોરિકના પ્રાચીન સાંસ્કૃતિ અને પરંપરાઓના રક્ષણ–સંવર્ધન માટેના પ્રયાસોની પ્રશંસા કરી, તેમને સ્મરણાંજલિ આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીએ 'ભારતીય કાનૂની ઈતિહાસ' પર પ્રથમ સંગ્રાહલયની સ્થાપના કરવાના પ્રકલ્પ પર કામ કરી રહી છે, જે પ્રશંસનીય બાબત છે. વૈધ્યિસભર ભારતીય સંસ્કૃતિ–પરંપરાઓ,

વિવિધ ધર્મો, ભાષા માન્યતાઓના સુભગ સમન્વયથી આપણા સમાજની એક વિશિષ્ટ ઓળખ સ્થાપિત કરે છે. આપણી ગૌરવશાળી ભારતીય સંસ્કૃતિએ તેની સામાજિક પરંપરાઓ—નૈતિક મૂલ્યો તથા સંયુકત પરિવારની ભાવનાએ આપણને એક અતુટ બંધનમાં બાંધી રાખ્યા છે.

આપણા સંસ્કારોમાં 'અતિથિ દેવો ભવઃ' ની ઉચ્ચ ભાવનાને સંચિત કરી છે, જે આપણા માટે ગૌરવની વાત છે, એમ તેમણે ઉમેર્યુ હતું.

રાજયપાલશ્રીએ કહયું હતું કે, યુનિવર્સિટી અન્ય સંગ્રહાલયો માટે એક કેન્દ્ર બન્યું છે, જેથી તેઓ તેમના પ્રદર્શનોનો સહિતના લોકો લાભ લઈ શકે અને વિશ્વના ઈતિહાસ અને અલભ્ય સાંસ્કૃતિક વિરાસત વિષે જાણી શકે.

આ પ્રસંગે યુનિવર્સિટીના નિયામક પ્રો. બિમલ પટેલે આ પ્રદર્શનની વિગતો આપી, યુનિવર્સિટીની શૈક્ષણિક પ્રગતિની રૂપરેખા આપી હતી.

રશિયાના કયુરેટર સુશ્રી લારીસા સુરજિના, ભારત સ્થિત, રશિયન દૂતાવાસના વરિષ્ઠ કાઉન્સિલર શ્રીયુત સર્જી કારમિલ્ટોએ "રોરિક પેક" અંગે રસપ્રદ માહિતી આપી હતી.

યુનિવર્સિટીના મ્યુઝિયમ કયુરેટર ડૉ. ઈન્દુબાલા મહક્પમે આભાર દર્શન કર્યુ હતું.

---

પ્રેસ સચિવ